

## વિધાનસભામાં ગાંધીનગર

- ધનંજય જોષી

**વાજબી ભાવની ૧૮૨ દુકાનોમાં ગેરરીતિ**

જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં ૧૮૯ વ્યાજબી ભાવની દુકાનોની તપાસ કરવામાં આવી છે. ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોરના પ્રશ્નના ઉત્તરમાં નાગરિક પુરવઠા મંત્રીએ જણાંવ્યુ હતુ કે જયારે આ પૈકી ૧૮૨ દુકાનોમાં ગેરરીતીઓ જોવા મળી છે. જયારે ગેરરીતી બદલ રૂ ૪૫૦૦નો દંડ વસુલ કરી ૧૭૩ દુકાનોને તાકીદ કરવામાં આવી છે.

**આર ટી ઓ માં એક વર્ષમાં ૫૧૯૬૫ વાહનોની નોંધણી**

ગાંધીનગર આર ટી ઓ કચેરીમાં વર્ષ ૨૦૧૬-૧૭ માં કેટલા વાહનો નોંધાયા છે. દહેગામના ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણની પ્રશ્નના ઉત્તરમાં વાહન વ્યવહાર મંત્રીએ જણાંવ્યા મુજબ એક વર્ષમાં ૫૧૯૧૫ વાહનોની નોંધણી થઈ છે. જયારે તે અન્વયે ટેક્ષની ૯૯,૬૮,૩૪,૭૪૮ ની આવક થઈ છે.

**બે વર્ષમાં ૪૨૧૪૪ શૌચાલયો બનાવાયા**

કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોરના પ્રશ્નના ઉત્તરમાં ગ્રામ વિકાસ મંત્રીએ આપેલા લેખિત જવાબમાં જણાંવાયા મુજબ છેલ્લા બે વર્ષમાં જિલ્લામાં ૪૨૧૪૪ શૌચાલયો બનાવવામાં આવ્યા છે. જેમાં વર્ષ ૨૦૧૬ માં ૨૪૪૮૦ અને વર્ષ ૨૦૧૭માં ૧૭૬૬૪ શૌચાલયો બનાવાયા છે. શૌચાલયના એક યુનિટ દીઠ રૂ ૧૨ હજારનો ખર્ચ મંજુર કરવામાં આવે છે.

**ગોડાઉન કોલ્ડ સ્ટોરેજ માટે ૩.૨૧ કરોડની સહાય**

ગાંધીનગર જિલ્લામાં ગોડાઉન કે કોલ્ડ સ્ટોરેજ બનાવવા માટે કુલ કેટલી સહાય આપવામાં આવી તે અંગે ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોરે પ્રશ્ન પુછ્યો હતો જેના જવાબમાં સહકાર મંત્રીએ જણાંવ્યુ હતુ કે ૬૫ લાભાર્થીઓને ૩,૨૧,૨૮,૬૬૯ ની સહાય ચુકવવામાં આવી છે. જયારે આ સહાયના લીધે રાજયની સંગ્રહ ક્ષમતામાં ૧૯૭૩૨ મે ટન નો વધારો થયો છે.

**પશુ આરોગ્ય મેળામાં ૧૦૧૯ પશુઓને સારવાર અપાઇ**

કૃષિ મહોત્સવ વર્ષ ૨૦૧૭ અન્વયે ગાંધીનગર જિલ્લામાં ૨ પશુ આરોગ્ય મેળાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ જયારે દહેગામના ધારાસભ્ય બળદેવજી ઠાકોરના આ પ્રશ્નના જવાબમાં પશુપાલન મંત્રીએ જણાંવ્યુ હતુ કે આ પશુમેળા અન્વયે ૧૦૧૯ પશુઓને સારવાર પુરી પાડવામાં આવી હતી. જયારે ૨.૮૫૩૮૧ પશુઓનુ રસીકરણ કરવામાં આવ્યુ હતુ.

# પરસોત્તમ સોલંકીની તબિયત લથડતા હોસ્પિટલમાં ખસેડાયા

અમદાવાદ,તા. ૧

રાજયકક્ષાના પ્રધાન અને ભાજપ સરકાર સામે જે આંતરિક નારાજગી ધરાવે છે તેવા કોળી સમાજના નેતા પરસોત્તમ સોલંકીની તબિયત આજે અચાનક લથડતાં તેમને તાત્કાલિક સારવાર અર્થે એસ.જી હાઈવે પર આવેલી ઝાયડસ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. હોસ્પિટલના તબીબોએ પરસોત્તમ સોલંકીની સઘન સારવાર શરૂ કરી હતી. હાલ તેમની તબિયત સુધારા પર હોવાનું જાણવા મળી રહ્યું છે. રાજયકક્ષાના પ્રધાન પરસોત્તમ સોલંકીને ડાયાબિટીસની બિમારી હોવાથી તેમનું સુગરનું પ્રમાણ વધ-ઘટ થવાથી તેમની તબિયત અચાનક લથડી હતી, જેને પગલે તેમને તાત્કાલિક સારવાર માટે તાબડતોબ એસ.જી હાઈવે પરની ઝાયડસ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

# જિલ્લા શાળા સંચાલક મંડળના પ્રમુખ તરીકે ડો શંકરસિંહ રાણાની વરણી

**ગ્રાન્ટેડ નોન ગ્રાન્ટેડ શાળા સંચાલક મંડળના પ્રમુખ તરીકે તેમની વરણીને સર્વ સભ્યોએ આવકારી**

ગાંધીનગર તા ૧

ગાંધીનગર જિલ્લા ગ્રાન્ટેડ નોન ગ્રાન્ટેડ શાળા સંચાલક મંડળના પ્રમુખ તરીકે મધુર



ડેરીના ચેરમેનની નિમણુંક કરવામાં આવી છે. ગઈકાલે યોજાયેલી સંચાલક મંડળની બેઠકમાં શંકરસિંહ રાણાની સર્વાનુમતે બિનહરિફ વરણી કરવામાં આવી હતી.

ગાંધીનગર જિલ્લા ગ્રાન્ટેડ નોન ગ્રાન્ટેડ શાળા સંચાલક મંડળના પ્રમુખ તરીકે મધુર ડેરીના ચેરમેન ડો શંકરસિંહ રાણાની વરણી કરવામાં આવી છે. શિક્ષણ જગતને સ્પર્શતી વિવિધ બાબતો તેમજ શિક્ષણને વધુ અસરકારક અને વિદ્યાર્થીહીતના અનેક પરિબળો સંદર્ભે કાર્ય કરતા સંચાલક મંડળ શિક્ષણ ક્ષેત્રે ખુબ જ મહત્વનુ સંગઠન છે. જયારે આ સંચાલક મંડળની ગઈકાલે બેઠક યોજવામાં આવી હતી. જેમાં ધારાધોરણ મુજબ પ્રમુખ તેમજ મહામંત્રીની નિમણુંક કરવાનો પણ મુખ્ય એજન્ડા સંદર્ભે કામગીરી હાથ ધરાઈ હતી. આ બેઠક દરમિયાન ગાંધીનગર જિલ્લાની ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ શાળા સંચાલક મંડળના પ્રમુખ તરીકે મધુર ડેરીના વર્તમાન ચેરમેન ડો શંકરસિંહ રાણાની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. જયારે મંડળના મહામંત્રી તરીકે જિલ્લા આચાર્ય સંઘના ઉપપ્રમુખ સંજય રાવલની વરણી કરવામાં આવી હતી. બેઠક દરમિયાન ઉપસ્થિત નવનિયુકત પ્રમુખ ડો શંકરસિંહ રાણાને નિમણુંક બદલ અભિનંદન પાઠવી સૌએ આવકાર્યા હતા.

## સ્વ. સેમ્યુઅલ ક્રિશ્ચિયનનું બેસણું રવિવારે યોજાશે

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગરના વરિષ્ઠ પત્રકાર સ્વ. સેમ્યુઅલ પી. ક્રિશ્ચિનનું તા. ૨૮મી ફેબ્રુઆરીના રોજ દુઃખદ નિધન થવા પામ્યું છે. સ્વર્ગસ્થના શ્વસુર રજનીકાંત એચ. શાહ પરિવાર દ્વારા તા. ૪થી માર્ચ રવિવારના રોજ સવારે ૮.૩૦ થી ૧૦.૩૦ કલાક દરમ્યાન સેક્ટર-૭-સીમાં સૌરાષ્ટ્ર પટેલ લેઉઆ વાડી ખાતે બેસણુ યોજવામાં આવ્યુ છે.

પ્રથમ વાર્ષિક પુણ્યતિથીયે
**શ્રધ્ધાંજલિ**



જીવન મળવું એ ભાગ્યની વાત છે.
મૃત્યું થવું એ સમયની વાત છે.
પરંતુ મૃત્યું પછી લોકોના દિલમાં
જીવંત રહેવું એ કર્મની વાત છે.
પ્રભુ આપના આત્માને
અખુટ શાંતિ આપે

**સ્વ. જતીન ઇન્દ્રવદન કોઠારી** જન્મ તા.૧૫-૦૫-૧૯૭૧, સ્વ. તા.૦૨-૦૩-૨૦૧૭

ડિમ્પલ જતીન કોઠારી
વિપુલ ઈન્દ્રવદન કોઠારી    નિમીષા વિપુલ કોઠારી
પાયલ વિપુલ કોઠારી    શ્રીયા વિપુલ કોઠારી





હોલીકા દહન... - સાંસ્કૃતિક પરંપરા મુજબ ગુરૂવારે સાંજે હોલીકા દહનની પ્રતિકાત્મક ઉજવણી શહેર અને આસપાસના ગામોમાં ભાવપૂર્વક યોજાઈ હતી... પ્રસિદ્ધ પાલજની હોળીના દર્શન કરવા હજ્જારો ભાવિકો ઉમટ્યા હતા... વર્ષોથી હોળીના અંગારા પર ચાલવાની માનતા રાખનાર ભાવિકો અને દર્શનનો લાભ લેનાર ભાવિકો પણ ઉમટ્યા હતા... સાથો સાથ શહેરના તમામ સેક્ટરોમાં સાંજે હોળી પ્રગટાવાઈ હતી... અને પરંપરાગત સહપરિવાર નગરજનોએ હોળીની પ્રદક્ષિણા કરી હતી...

# મેટ્રોરેલ પ્રોજેકટના ફેઝ-૨માં ગાંધીનગર શહેરને આવરી લેવાશે

**પ્રથમ ચરણનો ૬.૫ કી.મી.નો મેટ્રોરૂટ આવતા વર્ષે વિના વિલંબે શરૂ થશે : નીતિન પટેલ**

ગાંધીનગર, તા. ૧

મેટ્રોરેલ પ્રોજેક્ટ અન્વયે નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલે આજે વિધાનસભા ગૃહમાં જણાવ્યું હતું કે મેટ્રોરેલના પ્રથમ તબક્કાનું કામ પૂર્ણ થતા આવતા વર્ષે લોકાર્પણ કરાશે. જ્યારે ફેઝ-૨ની કામગીરીમાં અમદાવાદ-ગાંધીનગરને પણ આવરી લેવાશે. વિધાનસભા ગૃહમાં આજે ૬૯૫.૯૮ કરોડથી વધુ પુરક માંગણીઓ પણ મંજૂર કરવામાં આવી હતી. મેટ્રોરેલ પ્રોજેક્ટના પ્રથમ તબક્કાનું કામ પૂર્ણ થતા પ્રથમ કચ્છાના ૬.૫ કી.મી.નો મેટ્રોરૂટ આવતા વર્ષે શરૂ થશે તેમ પણ તેમણે જણાવ્યુ હતુ.

નાયબ મુખ્યમંત્રીના જણાવ્યા મુજબ માર્ગ સુવિધા માટે ગ્રામ્યસ્તરે મુખ્યમંત્રી ગ્રામ સડક યોજનાના કામો હાથ ધરાયા છે. આ ઉપરાંત રસ્તાઓ પહોળા કરવા, નવા પુલો નિર્માણ માટે ખર્ચ કરાયો છે. ઉપરાંત બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં થયેલ અતિવૃષ્ટિના કારણે સરકારી ઈમારતોને જે નુકશાન થયું છે તેનો પુનઃનિર્માણ માટે આ વધારાનું ખર્ચ કરાયું છે. આમ રાજ્યમાં આ બધા આકસ્મિક ખર્ચને પહોંચી વળવા માટે આ પ્રજાહિતના કામો હાથ ધર્યા છે.

તેમણે મેટ્રો રેલમાં ખર્ચ વધવાના કારણોના જવાબ આપતાં જણાવ્યું કે, વાહન વ્યવહારની વધુ સરળતા માટે મેટ્રોની સુવિધાના કામની શરૂઆત આ સરકારે કરી છે અને આ માટેનું કામ ગ્લોબલ ટેન્ડરથી કરવામાં આવ્યું હોવા છતાં અમૂક કંપનીઓના કોર્ટમાં જવાથી સમયનો વધારો થતા વધારાની રકમની જરૂરિયાત ઉભી થઈ છે. આમ છતાં પ્રથમ ચરણનો ૬.૫ કિ.મી.નો મેટ્રોરૂટ આવતા



વર્ષે વિના વિલંબે શરૂ થશે.

શિક્ષણ ક્ષેત્રે કોલેજોની માંગણી સંદર્ભે પણતેમણે જણાવ્યું કે, દરેક તાલુકામાં કોલેજ ઉભી કરવાનો નિર્ણય આ સરકારે કર્યો છે, પરંતુ કોલેજ માટે જરૂરી જગ્યા સહિત અનેક વહીવટી બાબતોથી કામગીરીમાં વિલંબ થતો હોય છે પરંતુ દરેક તાલુકામાં કોલેજો ઉભી થાય તે માટે સરકાર કટિબદ્ધ છે, અને તે માટે પૂરતી નાણા સહાય અપાય છે. સરકારે રાજયના કર્મચારીઓ માટે સ્વીકારેલા સાતમા પગાર પંચને લઈ નાણાની ફાળવણી સમયને આધિન કરવાની રહે છે તેમજ ગત વર્ષે ફિક્સ સમયના કર્મચારીઓને સાતમા પગાર પંચનો લાભ ઉપરાંત તેમજે કાયમી કરવાના નિર્ણયથી

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લાના બે ગામોમાં પાણી પુરવઠાના કામો માટે ૩૭ લાખ મંજૂર કરાયા

**પેયજળ માટે સુચારૂ વ્યવસ્થાપન અને વાસ્મોની કામગીરી સઘન બનાવવા ભાર મુકતા કલેક્ટર**

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લાના બે ગામોમાં વાસ્મો દ્વારા રૂ. ૩૭ લાખના ખર્ચે પેયજળની સુવિધાઓ ઉભી કરવાના કામોને મંજૂરી આપવામાં આવી છે.

તાજેતરમાં જિલ્લા કલેક્ટર સતીષભાઈ પટેલના અધ્યક્ષસ્થાને મળેલ બેઠકમાં આ મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જિલ્લા કલેક્ટર સતીષભાઈ પટેલે પેયજળ માટે સુચારૂ વ્યવસ્થાપન પર ભાર મુકતાં જણાવ્યુ હતુ કે પાણીનો વ્યય ઓછો થાય અને લોકોને શુદ્ધ પેયજળ મળે તે જરૂરી છે. તેમણે વાસ્મો દ્વારા આ દિશામાં થતી કામગીરીને વધુ સઘન બનાવવા પર પણ ભાર મુક્યો હતો.

જિલ્લા કલેક્ટરે ગ્રામ્ય વિસ્તારમાં જુની પુરાણી ટાંકીઓ જે છે તેના અંગે પણ વિગતવાર અહેવાલ તૈયાર કરવાની ટકોર કરી હોવાનું જાણવા મળેલ છે.

આ બેઠકમાં બાલવા ખાતે પાણીની ટાંકી, સંપ તેમજ પાઈપલાઈન માટે રૂ. ૨૫ લાખના અંદાજિત ખર્ચના કામોને બહાલી આપવામાં આવી છે. આ ઉપરાંત રામદેવનગર હરણાહોડા ખાતે પણ રૂ. ૧૨ લાખના ખર્ચે પાઈપલાઈન અને સંપના કામોને બહાલી આપવામાં આવી છે. જિલ્લા કલેક્ટરે જળ વ્યવસ્થાપન ક્ષેત્રે જિલ્લો આગવી ઓળખ ઉભી કરે તે જોવા પણ વાસ્મોના અધિકારીઓને સૂચવ્યુ હતુ. ગ્રામીણ વિસ્તારોમાં માળખાકીય સુવિધાઓની સાથે ક્લોરીનેશનની પણ અદ્યતન સુવિધાઓ માટે પંચાયતો સાથે પરામર્શ કરી અને તેમને સમજાવવામાં આવે તે જરૂરી હોવાનું પણ કલેક્ટરે કહ્યુ હતુ.



બુરા ના માનો હોલી હે... - ઉમંગ અને ઉલ્લાસના પ્રતિક સમા રંગોના પર્વે સૌ એક-મેકને રંગથી રંગી સ્નેહની પ્રતિતિ કરાવે છે... મિત્રો, સખીઓ, સમાજના સંબંધો વચ્ચે રંગનું પર્વ આજે ઉજવાશે... યુવાનોના પ્રિય પર્વની ઉજવણી શાળા-કોલેજોમાં પણ એટલા જ ઉત્સાહથી કરાય છે... ધૂળેટીની પૂર્વ સંધ્યાએ સખીઓ સાથે રંગથી રમવાનો શહેરમાં આખો દિવસ માહોલ રહ્યો હતો....

# જિલ્લામાં હજુ ૩.૫૫ લાખ વાહનોમાં હાઈસિકયુરીટી નંબર પ્લેટ નથી

**નિયત સમયમાં પ્લેટ ફીટ કરવા માટે રજાના દિવસે પણ કેમ્પનુ આયોજન કરાશે : ૮ ડીલરો પણ નિયત કરાયા છે**

ગાંધીનગર તા ૧

વાહનોમાં હાઈસિક્યુરીટી નંબર પ્લેટ લગાવાનુ ફરજિયાત કરી દેવાયા બાદ હાલ આર ટી ઓ કચેરી દ્વારા નિયત સમયમાં તમામ વાહનોને હાઈસિક્યુરીટી નંબર પ્લેટ ફીટ કરવા માટે ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. હાઈસિક્યુરીટી નંબર પ્લેટ અંગે મુદત વધારવામાં આવી છે. જયારે ગુજરાતમાં હજુ પણ ૧.૪૨ કરોડ વાહનોને આ પ્રકારની નંબર પ્લેટ લગાવાનુ બાકી છે. જયારે ગાંધીનગર જિલ્લામાં પણ ૩.૫૫ લાખ જેટલા વાહનોને હજુ હાઈસિક્યુરીટી નંબર પ્લેટ લગાવામાં આવશે.

હાઈસિક્યુરીટી નંબર પ્લેટ ફરજિયાત કરી દેવાયા બાદ હજુ જુના વાહનોમાં આ પ્રકારની નંબર પ્લેટ ફીટ કરવાનુ અભિયાન ચાલી રહયુ છે. આર ટી ઓ તંત્ર દ્વારા પણ ટુંકાગાળામાં વાહનોને આવરી લેવાનુ ચેલેન્જરૂપ બન્યુ છે. ત્યારે આર ટી ઓ કચેરી દ્વારા રજાના દિવસે પણ કેમ્પનુ આયોજન કરી નંબર પ્લેટ ફીટ કરવામાં આવે છે. ગાંધીનગરની હાઈટેક આર ટી ઓ કચેરીમાં રોજ ૨૫૦ જેટલી નંબર પ્લેટ તૈયાર કરવામાં આવે છે. જયારે આ ઉપરાંત નંબર પ્લેટ ફીટ કરવા માટે ૮ જેટલા ડીલરો પણ નિયત કરાયા છે. આમછતા ગત તા ૧૬ ફેબ્રુઆરીની સ્થિતિએ જિલ્લામાં ૩.૫૫ લાખ જેટલા વાહનોને હજુ પણ હાઈસિક્યુરીટી નંબર પ્લેટ લગાવાનુ બાકી છે. ત્યારે આ વાહનોને આવરી લેવા માટે આર ટી ઓ કચેરી દ્વારા આગામી દિવસોમાં રજાના દિવસે પણ કેમ્પ રાખવામાં આવશે. જયારે જુના વાહનોમાં ઝડપથી આ પ્રકારની નંબર પ્લેટ ફીટ કરવા માટે જરૂરી આયોજન કરવામાં આવશે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com